# રાજકોટના રૈયાધારમાં દરોડો પાડી નકલી નોટો છાપતા શખસને ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા નકલી નોટોના મોટા કારોબારનો પર્દાફાશ કરીને એક શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ એસીપી ભરત બસીયાના જણાવ્યા અનુસાર, એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે રૈયાધાર ગૌશાળા પાસે આવેલા મફતિયા પરા વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે નૈતિક અગ્રાવત નામના શખ્સને ઝડપી પાડ્યો છે, જેની પાસેથી રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ના દરની કુલ ૩૮ નકલી નોટો મળી આવી હતી. તપાસ દરમિયાન આરોપીના કબજામાંથી નકલી નોટો છાપવા માટે ઉપયોગમાં લેવાતું પ્રિન્ટર અને ખાસ પ્રકારનો કાગળ પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી નૈતિક પર દેણું વધી ગયું હોવાથી તેણે શરૂઆતમાં પોતાના માટે નકલી નોટો છાપવાનું શરૂ કર્યું હતું. જોકે, ત્યારબાદ અન્ય લોકોના સંપર્કમાં આવતા તેને વધુ નોટો છાપવાનો કોન્ટ્રાક્ટ પણ મળ્યો હતો. અત્યાર સુધીમાં તેણે બે નકલી નોટો બજારમાં વટાવી હોવાનું પણ સામે આવ્યું હતું. આ કેસમાં અન્ય કેટલાક શખસોના નામો પણ ખુલ્યા હતા, જેના આધારે એસઓજીએ વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી હતી કે આરોપી કેટલા સમયથી આ કૌભાંડ આચરી રહ્યો હતો અને અત્યાર સુધીમાં કેટલી નોટો બજારમાં ફરતી કરી ચૂક્યો છે. ■



રાજકોટમાં રેસ્ટોરન્ટ-ફરસાણની દુકાનોમાં ઘરેલુ સિલિન્ડરના વપરાશ બાબતે સઘન ચેકિંગ હાથ ધરાયું હતું, શહેર પુરવઠા નિરીક્ષકની ટીમ દ્વારા સિલિન્ડર સીઝ કરાયા હતા. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# જૂનાગઢ અને અમરેલીના ૨૧ ડેમોમાં પાઈપલાઈનનું કામ પૂર્ણ, હજારો હેક્ટરને મળ્યો સિંચાઈનો લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ અને અમરેલી જિલ્લાના વિવિધ ડેમોને સૌની યોજના હેઠળ સાંકળવાની કામગીરી અંગેની વિગતો વિધાનસભામાં રજૂ કરવામાં આવી હતી. ૧ જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના વડી, ખોડીયાર, મુંજીયાસર અને રાયડી જેવા ૯ ડેમોમાં પાઈપલાઈનનું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે સાવરકુંડલા તાલુકાના સુરજવડી અને શેલ દેદુમલ ડેમમાં કામગીરી હજુ પ્રગતિમાં છે. તેવી જ રીતે જૂનાગઢ જિલ્લાના ગળથ, ઉબેણ, આંબાજળ અને ઓઝત સહિતના અંદાજે ૧૨ ડેમોમાં પાઈપલાઈન બિછાવવાનું કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૩માં વડી, મુંજીયાસર, ગળથ અને ઘેલો ઇતરિયા સહિતના ડેમોમાં કુલ ૮૦.૩૩ એમસીએફટી પાણી છોડીને ૫૧૭ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવામાં આવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૪માં પાણીના જથ્થામાં નોંધપાત્ર વધારો કરી કુલ ૮૨૮.૫૦ એમસીએફટી પાણી છોડવામાં આવ્યું હતું, જેનાથી જૂનાગઢ અને અમરેલીના કુલ ૧૧૩૭ હેક્ટર વિસ્તારને સિંચાઈનો ફાયદો મળ્યો છે. જે ડેમોમાં હજુ સુધી સૌની યોજનાનું પાણી છોડવામાં આવ્યું નથી, તેના કારણો સ્પષ્ટ કરતા જણાવવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ના ચોમાસા દરમિયાન પૂરતા વરસાદને કારણે ઘણા ડેમો આપમેળે ભરાઈ ગયા હતા. વધારાના પાણીની જરૂરિયાત ન હોવાથી ત્યાં નર્મદાનું પાણી છોડવામાં આવ્યું નહોતું. ■

# સુરેન્દ્રનગર જિલ્લામાં રૂ. ૮૫૬ કરોડના ખર્ચે દુધરેજ-પાટડી-બેચરાજી રોડ બનશે ફોરલેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના મહત્ત્વના એવા દુધરેજ-વણા-માલવણ-પાટડી-બેચરાજી રોડને ફોરલેન બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના પર રાજ્ય સરકાર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મુખ્ય પ્રધાન (માર્ગ અને મકાન વિભાગ) દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલી માહિતી અનુસાર, આ સમગ્ર પ્રોજેક્ટ માટે અંદાજે રૂ. ૮૫૬ કરોડની માતબર રકમનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. આ માર્ગના નવીનીકરણથી જિલ્લામાં વાહનવ્યવહાર વધુ સુલભ બનશે અને ઔદ્યોગિક તેમજ ધાર્મિક પ્રવાસનને વેગ મળશે તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપતા જણાવાયું હતું કે, માર્ગના અલગ-અલગ હિસ્સાઓ હાલ વિવિધ તબક્કે છે. જેમાં દુધરેજ-વણા-માલવણ રોડ હાલ નકશા અંદાજ (નકશા પ્લાનિંગ)ના તબક્કે છે, જ્યારે માલવણ-પાટડી-દસાડા રોડને ચારમાર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત, દસાડા-બેચરાજી રોડ માટેની પ્રક્રિયા ટેન્ડર તબક્કે પહોંચી છે, જેના પૂર્ણ થયા બાદ સમગ્ર પટ્ટા પર કામગીરી વેગવંતી બનશે તેમ સરકારે જણાવ્યું હતું. ■

# ગેસની અછત પણ મા આશાપુરાની કૃપા આગળ પાંગળીઃ માતાના મઢમાં અન્નક્ષેત્ર અવિરત રહેશે



(તસ્વીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વર્તમાન સમયમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની ગંભીર અસરોના પગલે કચ્છમાં રાંધણગૅસના કોમર્શિયલ સિલિન્ડરનું વિતરણ ખોરવાઈ ગયું છે. આ પરિસ્થિતિને કારણે રેસ્ટોરાં, હોટલ, લોજ અને હાઈવે પરના ધાબા જેવા ધંધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે, ત્યારે આ વિકટ સમયમાં કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતેથી રાહતના સમાચાર આવ્યા છે. માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે રાંધણગેસની અછતની અન્નક્ષેત્ર પર કોઈ અસર થશે નહીં. અહીં આવતા તમામ શ્રદ્ધાળુઓને દેશદેવી મા આશાપુરાનો પ્રસાદ અવિરત મળી રહેશે. માતાના મઢમાં સ્થિત આધુનિક રસોડામાં ગેસ ઉપરાંત કેરોસીન અને ડીઝલથી ચાલતા ચૂલાઓની અગાઉથી જ સુવિધા ઉપલબ્ધ છે. હાલમાં અન્નક્ષેત્રમાં ૫ મોટા ચૂલા રાંધણગેસથી કાર્યરત છે જયારે ૧૬ ચૂલા કેરોસીન અને ડીઝલની મદદથી ચાલે છે. આ સમાંતર વ્યવસ્થાને કારણે ગેસના પુરવઠામાં વિક્ષેપ છતાં રસોડું અટકશે નહીં. નોંધનીય છે કે આસો અને ચૈત્રી નવરાત્રિ દરમિયાન અહીં લાખો શ્રદ્ધાળુઓ પ્રસાદ ગ્રહણ કરે છે.

દરમ્યાન, આગામી ૧૮ માર્ચથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. મઢ જાગીરના અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે પરંપરાગત ઘટસ્થાપન વિધિ કરવામાં આવશે. ૨૫ માર્ચ સપ્તમી હવન પ્રારંભ રાત્રે ૮:૩૦ કલાકે અને બીડું હોમવાની વિધિ (શ્રીફળ હોમ)નો રાત્રીના ૧૨ અને ૧૫ કલાકે પ્રારંભ થશે

હવનની રાત્રિએ માતાજીના મંદિરના કપાટ આખી રાત દર્શનાર્થીઓ માટે ખુલ્લા રાખવામાં આવશે. ચૈત્રી નવરાત્રિ દરમિયાન સેંકડો પદયાત્રીઓ અને હજારો માઈભક્તો ઉમટી પડતા હોય છે, જેને ધ્યાનમાં રાખીને મંદિરના ભૂવા તિલાટ પરિવાર અને સ્ટાફ દ્વારા પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. કચ્છમાં ચૈત્રી નવરાત્રિની વિશેષ ગરબી માત્ર માતાના મઢમાં જ યોજાય છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઈને માં આશાપુરાની આરાધના કરે છે. યુદ્ધને કારણે સર્જાયેલી વૈશ્વિક કટોકટી વચ્ચે પણ શ્રદ્ધાનું કેન્દ્ર ગણાતું માતાના મઢનું અન્નક્ષેત્ર તેની અદ્ભુત વ્યવસ્થાપન શક્તિને કારણે અવિરત ચાલુ રહીને પ્રેરણા પૂરી પાડી રહ્યું છે. ■

# માંડવીમાં ₹.30 લાખની ચોરીનો ભેદ ઉકેલાયો, ભત્રીજો જ નીકળ્યો સૂત્રધાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવીમાં બનેલી લાખોની ચોરીની ઘટનામાં પોલીસે ગણતરીના દિવસોમાં જ સફળતા મેળવી છે. વોહરા હજીરા વિસ્તારમાં થયેલી ₹૬.૩૦ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરીના કેસમાં માંડવી પોલીસે ફરિયાદીના જ કૌટુંબિક ભત્રીજા અને તેના સાગરીતની ધરપકડ કરી લીધી હતી.

ગત તા. ૬ માર્ચના રોજ માંડવીમાં વોહરા હજીરા પાછળ રહેતા હુસેન શૈફુદિન લોખંડવાલાના ઘરે આ ચોરીની ઘટના બની હતી. જ્યારે પરિવારના સભ્યો નમાજ અદા કરવા માટે ગયા હતા, ત્યારે લાભ લઈ આરોપીઓએ કબાટમાંથી લાખોના ઘરેણાં ચોરી લીધાં હતા. ફરિયાદીની માતા જ્યારે ઘરે પરત ફર્યા ત્યારે કબાટના લોકમાં પીન ભરાયેલી જોઈ કોઈ જાણભેદુ હોવાની શંકા ગઈ હતી. માંડવી પોલીસ મથકના પી.આઈ. ચેતક બારોટ અને તેમની ટુકડીએ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ તેજ કરી હતી. શંકાના આધારે પોલીસે હાતિમ અલી અસગર લોખંડવાલા (ફરિયાદીના કાકાઈ ભત્રીજાનો પુત્ર) અને હર્ષ જગદીશ ભાનુશાલીની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી, જેમાં આ સત્ય બહાર આવ્યું હતું.

આરોપીઓએ કબાટમાંથી સોનાની ૪ બંગડીઓ અને ૩૨ વીંટીઓ,સોનાની ચેઈન, પેન્ડન્ટ અને ૪ જોડી બુટ્ટી,સોનાનો ઢાળ ચડેલો અકીકનો પથ્થર,ચાંદીની વીંટીઓ, ઘૂઘરા અને સિક્કાઓ સહિત અંદાજે રૂ.૬.૩૦ લાખની કિંમતના દાગીનાની ચોરી કરી હતી.

પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા. ચોરાયેલો મુદ્દામાલ રિકવર કરવા અને આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તેની ઊંડી તપાસ કરવા માટે કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવાની શક્યતા હોવાનું પી.આઈ. ચેતક બારોટે જણાવ્યું હતું. ■

# ગાંધીધામને મળશે ટ્રાફિકથી મુક્તિઃ રૂ.૧૩૫ કરોડના ‘ગ્રીન રિંગ રોડ’ પ્રોજેક્ટને સરકારની લીલીઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની ઔદ્યોગિક નગરી ગાંધીધામ-આદિપુરના રહેવાસીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. શહેરના વધતા જતા ટ્રાફિકના ભારણને હળવું કરવા માટે મહાનગરપાલિકા દ્વારા પ્રસ્તાવિત ૧૦ કિલોમીટર લાંબા ‘ગ્રીન રિંગ રોડ’ પ્રોજેક્ટને રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. મુખ્ય પ્રધાન ગ્રીન રોડ યોજના હેઠળ આશરે રૂ.૧૩૫ કરોડના ખર્ચે તૈયાર થનારો આ માર્ગ શહેરની કનેક્ટિવિટી માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ રિંગ રોડ શહેરના વિવિધ મહત્ત્વના વિસ્તારો આદિપુર ઘોડા ચોકડીથી ઓમ મંદિર અને મણીનગર,આદિપુર જીઆઇડીસી અને તોલાણી કોલેજ થઈ લીલાશાહ ફાટક, રેલવે લાઇનને સમાંતર રાજવી ફાટક અને ન્યૂ ગોપાલપુરી રેલવે સ્ટેશન અને અંતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા પેટ્રોલ પંપ સુધી કનેક્ટિવિટી. સાંકળશે,જેનાથી આંતરિક ટ્રાફિકનું ભારણ ઘટશે.

મનપા કમિશ્નર મનિષ ગુરવાણીએ જણાવ્યું હતું કે, ૨૪.૪ મીટર પહોળાઈનો મજબૂત સીસી રોડ બનાવવામાં આવશે. ભવિષ્યમાં રસ્તો ખોદવો ન પડે તે માટે વીજળી અને ટેલિકોમ લાઈનો માટે અલગથી ડ્રેન બનાવાશે.

રસ્તાની બંને તરફ સ્ટોર્મ વોટર ડ્રેનેજ અને પાણી સંરક્ષણ સ્ટ્રક્ચર તેમજ મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવશે. આ ગ્રીન રિંગ રોડ તૈયાર થવાથી એરપોર્ટ, રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ જનારા મુસાફરોનો સમય બચશે. આ ઉપરાંત કંડલા પોર્ટ, ભુજ, અંજાર અને મુંદ્રા તરફ જતાં ભારે વાહનો શહેરના મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક જામ કર્યા વગર સીધા બહાર નીકળી શકશે.

દબાણો હટાવવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને ટૂંક સમયમાં જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી કામગીરી શરૂ કરવામાં આવશે તેમ મનિષ ગુરવાણીએ ઉમેર્યું હતું. ■

# ભાવનગર મનપા દ્વારા હિટવેવ એક્શન પ્લાનઃ બપોરે ૧ થી ૪ શ્રમિકને આરામ, બગીચાઓ રાત્રે ૧૧ સુધી ખુલ્લા રહેશે




(તસ્વીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઉનાળાની ઋતુમાં વધતા જતા તાપમાન અને આગામી સમયમાં હિટવેવની શક્યતાઓને ધ્યાનમાં રાખીને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અત્યારથી જ આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં શહેર માટે ‘હિટવેવ એક્શન પ્લાન’ મંજૂર કરવામાં આવ્યો હતો, જેમાં નાગરિકોની સુરક્ષા અને આરોગ્યને સર્વોપરી રાખવામાં આવ્યું છે. બેઠકમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણય મુજબ, કાળઝાળ ગરમીમાં કામ કરતા મ્યુનિસિપલ સ્ટાફ, કોન્ટ્રાક્ટરો અને બાંધકામ ક્ષેત્રના શ્રમિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બપોરે ૧ થી ૪ વાગ્યા દરમિયાન ફરજિયાત આરામ આપવાની સૂચના આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન આઉટડોર કામગીરી ટાળવા માટે બિલ્ડર એસોસિએશન સાથે પણ સંકલન સાધવામાં આવ્યું છે. શહેરીજનોને ગરમીથી રાહત મળે તે માટે શહેરના તમામ જાહેર બગીચાઓ હવે સવારે ૬ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવાનો નિર્ણય કરાયો છે.

શહેરના મુખ્ય રસ્તાઓ, બસ સ્ટેન્ડ અને ભીડભાડવાળા વિસ્તારોમાં વોટર વર્ક્સ વિભાગ દ્વારા વોટર પોઈન્ટ (પીવાના પાણીની પરબ) અને શેડ ઊભા કરવામાં આવશે. આ સાથે જ આરોગ્ય વિભાગને તમામ કેન્દ્રો પર પૂરતા પ્રમાણમાં ઓઆરએસ પેકેટ, જરૂરી દવાઓ અને મેડિકલ સ્ટાફને સ્ટેન્ડબાય રાખવા જણાવાયું છે. હિટસ્ટ્રોકના કેસોનું દૈનિક મોનિટરિંગ પણ કરવામાં આવશે.

શિક્ષણ ક્ષેત્રે તકેદારી રાખતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને સૂચના અપાઈ છે કે, શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા રાખવી અને બપોરના સમયે આઉટડોર પ્રવૃત્તિઓ બંધ રાખવી. જરૂર જણાયે શાળાના સમયમાં ફેરફાર કરવા અંગે પણ વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત, પશુઓ માટે ઢોર ડબ્બામાં સ્પ્રિંકલર અને ગ્રીન નેટ લગાવવા તેમજ શહેરના ડિવાઈડર પરના છોડને નિયમિત પાણી આપવાની જવાબદારી ગાર્ડન વિભાગને સોંપવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને પણ અપીલ કરવામાં આવી છે કે, હિટવેવ દરમિયાન બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું અને પૂરતા પ્રમાણમાં પ્રવાહીનું સેવન કરવું. જનસંપર્ક વિભાગ દ્વારા સોશિયલ મીડિયા અને હોર્ડિંગ્સ મારફતે હિટવેવ બચાવ અંગેની જાગૃતિ ફેલાવવાની કામગીરી પણ સઘન બનાવવામાં આવશે. ■

# ગાંધીધામમાં આપ નેતાની ધરપકડના વિરોધમાં ઇસુદાન ગઢવી સહિતના કાર્યકરોની એસપી કચેરીએ રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના ગાંધીધામના આમ આદમી પાર્ટીના નેતા ડો.કાયનાત અંસારીની વિરુદ્ધમાં થયેલી એટ્રોસિટીની ફરિયાદ બાદ ધરપકડ થતાં રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. ત્યારે આ મામલે આપના પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવી સહિત પાર્ટીના કાર્યકરો ગાંધીધામ એસપી કચેરી ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન ઇસુદાન ગઢવીએ સરકાર એનએ પોલીસ તંત્ર પર આકરા પ્રહાર કર્યા હતા. આ બનાવની વિગતો અનુસાર, ગાંધીધામમાં આપના પૂર્વ જિલ્લા પ્રમુખ ડો. કાયનાત અંસારી દ્વારા કરવામાં આવેલી કથિત ‘જનતા રેડ’ હવે કાયદાકીય વિવાદમાં ફસાઈ હતી અને પોલીસ સ્ટેશનમાં કાયનાત અંસારી, દિગુભા દરબાર અને એક અજાણી વ્યક્તિ વિરુદ્ધ એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે આરોપી દિગુભા દરબારે તેઓ દલિત સમાજના હોવાનું જાણવા છતાં જાહેરમાં જાતિ વિષયક અપમાનજનક શબ્દો કહ્યા હતા. વધુમાં, આરોપીઓએ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરીને પરિવારને બદનામ કરવાનું કાવતરું રચ્યું હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ■

# ખાવડામાં તંત્રનો સપાટોઃ બિનઅધિકૃત ગૅસ સિલિન્ડરોનો જથ્થો ઝડપાયો, ૧.01 લાખ રૂપિયાનો મુદ્દામાલ સીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મધ્ય પૂર્વ ક્ષેત્રમાં સર્જાયેલી અશાંતિ અને બદલાતી ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને પગલે રાજ્યમાં ઘરેલુ ગેસની તંગી ન સર્જાય અને કાળાબજારી અટકે તે માટે સરકાર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી છે. ‘આવશ્યક વસ્તુ ધારા’ હેઠળ લેવાયેલા આ પગલાંના ભાગરૂપે, કચ્છ જિલ્લા પુરવઠા તંત્રે ભુજ તાલુકાના ખાવડા વિસ્તારમાં હાથ ધરાયેલી તપાસણી દરમિયાન બિનઅધિકૃત ગેસ સિલિન્ડરોનો મોટો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.

અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના ભીષણ યુદ્ધને કારણે વિશ્વભરમાં સર્જાયેલી તેલ અને ગેસની અછત વચ્ચે રાંધણગેસનો પુરવઠો જળવાઈ રહે તે માટે જિલ્લા પુરવઠા અધિકારીની સૂચનાથી એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ તપાસ અભિયાન દરમિયાન પૂર્વ બાતમીના આધારે ખાવડાના પ્રમુખસ્વામી નગરમાં સ્થિત ‘સ્વામિનારાયણ ગેસ સર્વિસ સેન્ટર’ નામની દુકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. બિપિન દાવડા દ્વારા સંચાલિત આ ગેસ સર્વિસ સેન્ટરમાંથી ૧૧ ભરેલાં અને ૪ ખાલી કોમર્શિયલ સિલિન્ડર તેમજ ૭ ભરેલાં અને ૨ ખાલી ઘરેલુ સિલિન્ડર મળી આવ્યાં હતાં. પુરવઠા વિભાગે કુલ રૂ. ૧,૦૧,૨૪૪ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી દુકાન સંચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તંત્રની આ આકસ્મિક કાર્યવાહીથી ગેરકાયદેસર સંગ્રહખોરી કરતા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે, આગામી દિવસોમાં પણ જિલ્લાના અન્ય વિસ્તારોમાં આ પ્રકારની તપાસ ચાલુ રહેશે જેથી સામાન્ય નાગરિકોને આ મુશ્કેલ સમયમાં ગેસ પુરવઠામાં કોઈ મુશ્કેલી ન પડે. ■

# અંજારમાં પેટ્રોલ પંપ પર સાત બુકાનીધારી એ કર્મચારીઓ પર હુમલો કરીને લૂંટ ચલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી એક ઘટના બહાર આવી હતી. આ ઐતિહાસિક શહેરના વિજયનગર વિસ્તારમાં આવેલા એક પેટ્રોલ પંપ પર સાત જેટલા બુકાનીધારી શખ્સોએ હુમલો કરી, કર્મચારીઓને ઢોરમાર મારી રોકડ રકમની લૂંટ ચલાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, અંજાર-ગાંધીધામ ધોરીમાર્ગ પર વિજયનગર પાસે આવેલા ’કિશન ભારત પેટ્રોલ પંપ’ પર ગત ૧૦મી માર્ચના રોજ આ લૂંટની ઘટના બની હતી. બનાવની શરૂઆત સવારના સમયે થઈ હતી, જ્યારે એક છકડાચાલક ડીઝલ ભરાવવા આવ્યો હતો. ડીઝલ પુરાવવા બાબતે છકડાચાલક અને પંપના સ્ટાફ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે-તે સમયે સાતેક શખ્સોએ આવી માથાકૂટ કરી હતી અને ત્યાંથી જતા રહ્યા હતા. ત્યારબાદ બપોરે પણ ત્રણ શખ્સોએ આવી ફરી વિવાદ કર્યો હતો. સવાર અને બપોરના ઝઘડાનું વેર રાખીને રાત્રિના સમયે જ્યારે પંપ પર કર્મચારી પ્રવીણ મુકેશ ઠાકોર અને અમરત ઠાકોર ફરજ પર હતા, ત્યારે સોમેશ્વર ચોકડી તરફથી મુખ્ય આરોપી જગદીશ ઉર્ફે જગુ દેવીપૂજક તેના અન્ય છ સાગરીતો સાથે ધસી આવ્યો હતો. તમામ શખસોએ મોઢે રૂમાલ બાંધેલા હતા અને તેમના હાથમાં લોખંડની ચેઈન તથા લાકડાના ધોકા જેવા જીવલેણ હથિયારો હતા. બુકાનીધારીઓએ પંપ પર હાજર કર્મચારીઓને ઢોરમાર માર માર્યો હતો. આ હુમલામાં ફરિયાદી પ્રવીણ ઠાકોરને હાડકામાં અસ્થિભંગ જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરોએ પંપના ટેબલના ખાનામાં રહેલી દૈનિક આવકની રૂ. ૮,૪૫૫ની રોકડ રકમની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. ઘટના બાદ ઈજાગ્રસ્ત કર્મચારીઓને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અંજાર પોલીસે આ મામલે જગદીશ ઉર્ફે જગુ અને અન્ય અજાણ્યા શખસો વિરુદ્ધ લૂંટ અને રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી, ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ■